# શ્રી વી. આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણા

## જુનિયર કલાર્ક / સિનિયર કલાર્ક વર્ગ-૩ બિન અનામત (OPEN) ભાગ-૧ની

તા.: ૧૧/૦૧/૨૦૨૬ | લેખિત પ્રાથમિક પરીક્ષા | સમય: ૨:૦૦ થી ૩:૦૦

| પરીક્ષા નંબર: | પ્રશ્નપત્ર નંબર: | પેપર કોડ: B |
|---|---|---|

Reasoning ( 40 ), Quantitative Aptitude ( 30 ), Gujarati ( 15 ), English ( 15 )

### ઉમેદવાર માટેની અગત્યની સૂચનાઓ:

| | |
|---|---|
| ૧. | પ્રશ્નપુસ્તિકામાં કુલ ૧૦૦ હેતુલક્ષી (MCQ) પ્રશ્નો છે. દરેક પ્રશ્નનો ૧ ગુણ છે. |
| ૨. | પરીક્ષાનો સમય ૬૦ મિનિટનો રહેશે. |
| ૩. | ૧ થી ૧૦૦ પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ? તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) તો તરત જ પ્રશ્નપુસ્તિકા ખંડ નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી. |
| ૪. | OMR SHEET ઉપર આપનો પરીક્ષા નંબર અને પેપર કોડ ફરજિયાત લખવાનો રહેશે. |
| ૫. | પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરીતી ધ્યાનમાં આવશે તો તે ઉમેદવારને સંપૂર્ણ ગેરલાયક ઠરાવવામાં આવશે. |
| ૬. | પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારના ઇલેક્ટ્રીક ઉપકરણો, મોબાઈલનો ઉપયોગ કરવો નહી અને પરીક્ષાખંડમાં સાથે રાખવા પણ નહી. |
| ૭. | ઉમેદવારે માત્ર બ્લેક અને બ્લૂ બૉલ પેનનો ઉપયોગ કરવાનો રહેશે. અન્ય કોઈપણ પ્રકારની પેન અને પેન્સિલનો ઉપયોગ O.M.R. શીટમાં કરવો નહી. |
| ૮. | ખોટા જવાબદીઠ, છેકછાકવાળા જવાબદીઠ કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કીંગ પદ્ધતિ લાગુ પડશે. |
| ૯. | દરેક પ્રશ્નના જવાબમાં એક વિકલ્પ "E" "Not Attempted" માટેનો રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ઇચ્છતા ના હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં. |
| ૧૦. | પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહી કરવામાં આવે તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. |
| ૧૧. | પ્રશ્નપુસ્તિકામાં કોરી જગ્યામાં રફકામ કરવું. તે માટે અલગ કાગળ આપવામાં આવશે નહિ. જવાબવહી (O.M.R. SHEET)માં કઈ પણ રફકામ કરવું નહિ. કોઈપણ ઉમેદવારે પ્રશ્નપુસ્તિકામાં જવાબો લખવા નહીં. |
| ૧૨. | આ જવાબવહી (O.M.R. SHEET) વળે, ફાટે કે બગડે નહિ તેની ખાસ કાળજી રાખવી. |
| ૧૩. | આ સૂચનાઓના અનાદર માટે ઉમેદવાર સાથે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. |

ઉમેદવારની સહી: ________________ ખંડ નિરીક્ષકની સહી: ________________

# JUNIOR/ SENIOR CLERK – PRELIM TEST

## (SET B)

1. જો 32169*2 ને 9 વડે નિઃશેષ ભાગી શકાય તો * ની નાનામાં નાની કિંમત શોધો.

   (A) 6 (B) 5

   (C) 4 (D) 7

2. 25 – 5 [2 + 3( 2 – 2 (5 – 3) +5) – 10] / 4 = ?

   (A) 23.75 (B) 23.25

   (C) 25 (D) 5

3. જો a : b = 3 : 4 તથા b : c = 4 : 5 હોય તો a : b : c =

   (A) 3 : 16 : 5 (B) 12 : 4 : 20

   (C) 15 : 16 : 15 (D) 3 : 4 : 5

4. A અને B નો પગારનો ગુણોત્તર 6 : 7 છે. જો A ને B કરતાં ₹1,100 ઓછા મળતા હોય તો બંનેના પગારનો સરવાળો શું થાય?

   (A) ₹12,100 (B) ₹14,300

   (C) ₹14,400 (D) ₹9,900

5. એક શાળામાં છોકરાઓ અને છોકરીઓનો ગુણોત્તર 11 : 15 છે. જો શાળામાં છોકરાઓ કરતાં છોકરીઓની સંખ્યા 200 વધારે હોય તો છોકરાઓની સંખ્યા શોધો.

   (A) 750 (B) 506

   (C) 550 (D) 605

6. એક શાળામાં ગણિત, અંગ્રેજી અને રસાયણ વિજ્ઞાનની સીટનો ગુણોત્તર 6 : 4 : 7 છે. જો સીટમાં અનુક્રમે 20%, 40% અને 60% વધારો થાય તો નવો ગુણોત્તર શોધો.

   (A) 9 : 7 : 8 (B) 1 : 2 : 3

   (C) 9 : 7 : 14 (D) 7 : 9 : 14

7. નીચે પૈકી કઈ અવિભાજ્ય સંખ્યા છે?

   (A) 341 (B) 187

   (C) 899 (D) 811

8. 1 થી 60 સુધીની કેટલા ટકા સંખ્યાના એકમના અંકમાં 1 અથવા 9 આવે છે?

(A) 20% (B) 18%

(C) 25% (D) 22%

9. 6.5, 10.6, 19.8 અને K ની સરેરાશ 19 છે. K નું મૂલ્ય શોધો.

(A) 39.1 (B) 41.1

(C) 38.1 (D) 40.1

10. પ્રથમ 5 પ્રાકૃતિક અવિભાજ્ય સંખ્યાઓની સરેરાશ કેટલી થાય?

(A) 3.4 (B) 7.8

(C) 5.6 (D) 3.6

11. કિન્નરી ₹9,000 સાથે એક વેપાર ચાલુ કરે છે. પાંચ મહિના બાદ આકાશ ₹8,000 રોકે છે. જો વર્ષના અંતે તેઓને ₹6970 નફો થાય તો આકાશના ભાગમાં કેટલા રૂપિયા આવશે?

(A) ₹1833 (B) ₹2390

(C) ₹3690 (D) આપેલ પૈકી એકપણ નહિ

12. જો મૂડીના સમીકરણોમાં 4X = 6Y = 10Z હોય તો ₹9,300 ના નફામાં Y નો ભાગ કેટલો?

(A) ₹3,000 (B) ₹4,500

(C) ₹4,250 (D) ₹1,800

13. જ્યોતિ અને રાજદેવ એક ભાગીદારી કરે છે. જેમાં જ્યોતિનું 5 ગણું રોકાણ એ રાજદેવના 7 ગણા જેટલું છે. જો તેમનો કુલ નફો ₹1,20,000 હોય તો રાજદેવનો ભાગ શું હશે?

(A) ₹63,000 (B) ₹50,000

(C) ₹70,000 (D) આપેલ પૈકી એકપણ નહિ

14. નીચેના માંથી કઈ ટકાવારી ¾ ને સમાન છે?

(A) 25% (B) 50%

(C) 75% (D) 66.67%

15. 2/3 એ 1/3 ના કેટલા ટકા છે?

(A) 50% (B) 33.33%

(C) 150% (D) 200%

16. જો A ની આવક B ની આવકથી 25% ઓછી હોય તો B ની આવક A ની આવકથી કેટલા ટકા વધુ હશે?

(A) 25%
(B) 20%
(C) 33.33%
(D) આપેલ પૈકી એકપણ નહિ

17. 18 પેનની મૂળ કિંમત 12 પેનની વેચાણ કિંમત બરાબર હોય તો નફાના ટકા શોધો.

(A) 50%
(B) 12.5%
(C) 30%
(D) 25%

18. વસ્તુની કિંમતમાં 20% ઘટાડો કર્યા પછી તેની કિંમત ₹880 થાય છે તો તેની વાસ્તવિક કિંમત કેટલી હશે?

(A) ₹1100
(B) ₹704
(C) ₹1056
(D) આપેલ પૈકી એકપણ નહિ

19. અજય એક ફોન વેચતાં 5% ખોટ કરે છે. જો ફોન ₹1260 વધુ લઈને વેચવામાં આવે તો 10% નફો થાય તો ફોનની મૂળકિંમત શોધો.

(A) ₹8600
(B) ₹9000
(C) ₹8400
(D) ₹8000

20. A એક કાર્યને 6 દિવસમાં તથા B તે કાર્યને 9 દિવસમાં પૂરું કરે છે તો સાથે મળીને કેટલા દિવસમાં કાર્ય પૂર્ણ કરશે?

(A) 7.5
(B) 3.6
(C) 5.4
(D) 3

21. X એ 2/3 કાર્ય 4 દિવસમાં અને Y એ 3/5 કાર્ય 6 દિવસમાં પૂર્ણ કરી શકે છે તો સાથે મળીને કેટલા દિવસમાં કાર્ય પૂર્ણ કરી શકે?

(A) 2
(B) 3
(C) 3.75
(D) 2.875

22. જૈનમ એક કાર્ય 30 દિવસમાં પૂરું કરે છે. શિવમ જૈનમ કરતાં 60% વધુ કાર્યક્ષમ છે. તો શિવમને કાર્ય પૂરું કરતાં કેટલો સમય લાગશે?

(A) 16.6 દિવસ
(B) 18.75 દિવસ
(C) 20.67 દિવસ
(D) 18.67 દિવસ

23. એક દોડવીર 200 મીટરની દોડ 27 સેકન્ડમાં પૂર્ણ કરે છે તો તેની ઝડપ કિમી/કલાકમાં શોધો.

(A) 24 (B) 26.66

(C) 28 (D) 28.66

24. એક વ્યક્તિ 9/20 મુ અંતર બસમાં કાપે છે જ્યારે બાકી રહેલું 10 કિમી અંતર ચાલતા કાપે છે તો તેણે કુલ કેટલું અંતર (કિમી) કાપ્યું હશે?

(A) 16.16 (B) 20.20

(C) 18.18 (D) 21.21

25. 9 નળને એક ટાંકી ભરતા 20 મિનિટ થાય છે, તો 15 મિનિટમાં ટાંકી ભરવા માટે કેટલા નળની જરૂર પડે?

(A) 10 (B) 15

(C) 18 (D) 12

26. 40% નફો ચડાવીને છાપેલી કિંમત પર કેટલા ટકા વળતર આપવાથી વેપારીને 19% નફો થાય?

(A) 7% (B) 9%

(C) 15% (D) 17%

27. સમાંતર શ્રેણી 7, 13, 19, 25, …….. નું 12 મુ પદ શોધો.

(A) 73 (B) 80

(C) 77 (D) 66

28. -9, -6, -3, ……… શ્રેણીના કેટલા પદનો સરવાળો 45 થશે?

(A) 8 (B) 9

(C) 10 (D) 11

29. આપેલ શ્રેણીના પદની સંખ્યા શોધો.
4, 8, 16, 32, ….. 512

(A) 7 (B) 8

(C) 9 (D) 10

30. 40 વ્યક્તિઓ એક કાર્ય 30 દિવસમાં પૂર્ણ કરે છે. 10 વ્યક્તિઓ અમુક દિવસ બાદ કામ છોડીને જતા રહે છે. તો કાર્ય પૂર્ણ થતાં કેટલા દિવસ લાગે?

(A) 40 (B) 35

(C) 45 (D) 50

31. સાંકેતિક ભાષામાં કયા શબ્દનો અર્થ ફૂલ થશે?

વિધાન – 1: 'de fu la pane' નો અર્થ 'ગુલાબ ફૂલ સુંદર છે' તથા 'ta fi' નો અર્થ 'સુંદર વૃક્ષ' થાય છે.

વિધાન – 2: 'de la chin' નો અર્થ 'લાલ ગુલાબ ફૂલ' તથા 'pa chin' નો અર્થ 'લાલ ચા' થાય છે.

(A) માત્ર વિધાન – 1 જવાબ આપવા માટે પર્યાપ્ત છે.

(B) માત્ર વિધાન – 2 જવાબ આપવા માટે પર્યાપ્ત છે.

(C) વિધાન – 1 અને વિધાન – 2 બંને એક સાથે મળીને જવાબ આપવા માટે પર્યાપ્ત છે.

(D) વિધાન – 1 અને વિધાન – 2 બંને એક સાથે મળીને પણ જવાબ આપવા માટે પર્યાપ્ત નથી.

32. નીચેના માંથી કયું વિધાન ખોટું છે?

(A) 4096 ના ઘનમૂળનો એકમનો અંક 6 છે.

(B) 15625 ના ઘનમૂળનો એકમનો અંક 5 છે.

(C) 12167 ના ઘનમૂળનો એકમનો અંક 7 છે.

(D) 13824 ના ઘનમૂળનો એકમનો અંક 4 છે.

33. સતીષ, અનુપ અને સંદીપના વેતનનો ગુણાકાર ક્રમશઃ 4 : 5 : 7 છે, તો અનુપનું વેતન શું થશે?

વિધાન – 1: અનુપ અને સંદીપના વેતન વચ્ચેનો તફાવત એ સતીષ અને અનુપના વેતનના તફાવતના બે ગણો છે.

વિધાન – 2: અનુપને સંદીપથી ₹4,000 ઓછું વેતન મળે છે.

(A) માત્ર વિધાન – 1 જવાબ આપવા માટે પર્યાપ્ત છે.

(B) માત્ર વિધાન – 2 જવાબ આપવા માટે પર્યાપ્ત છે.

(C) વિધાન – 1 અને વિધાન – 2 બંને એક સાથે મળીને જવાબ આપવા માટે પર્યાપ્ત છે.

(D) વિધાન – 1 અને વિધાન – 2 બંને એક સાથે મળીને પણ જવાબ આપવા માટે પર્યાપ્ત નથી.

34. દક્ષનું મુખ કઈ દિશામાં છે?

વિધાન – 1: બિંદુ Q થી તે ઉત્તર દિશા તરફ ચાલવા લાગ્યો.

વિધાન – 2: આરંભ બિંદુ P થી તે સતત બે વાર ડાબી બાજુ વળ્યો અને બિંદુ Q સુધી પહોંચ્યો.

(A) માત્ર વિધાન – 1 જવાબ આપવા માટે પર્યાપ્ત છે.

(B) માત્ર વિધાન – 2 જવાબ આપવા માટે પર્યાપ્ત છે.

(C) વિધાન – 1 અને વિધાન – 2 બંને એક સાથે મળીને જવાબ આપવા માટે પર્યાપ્ત છે.

(D) વિધાન – 1 અને વિધાન – 2 બંને એક સાથે મળીને પણ જવાબ આપવા માટે પર્યાપ્ત નથી.

પ્રશ્ન નંબર 35 થી 39 સુધીના પ્રશ્નોના જવાબ નીચેના કોષ્ટકના આધારે આપો.

| વિષય / વિદ્યાર્થી | અંગ્રેજી | હિન્દી | વિજ્ઞાન | ગણિત |
|---|---|---|---|---|
| પોલ | 75 | 65 | 90 | 55 |
| આદિત્ય | 60 | 70 | 85 | 60 |
| નીરજ | 80 | 50 | 85 | 95 |
| સેન્ડી | 55 | 65 | 70 | 65 |

35. સેન્ડીએ અંગ્રેજી અને ગણિતમાં સાથે મેળવેલ ગુણએ આદિત્ય અને નીરજે અંગ્રેજીમાં સાથે મેળવેલ ગુણના કેટલા ટકા થાય છે?

(A) 75%
(B) 50%
(C) 85%
(D) 60%

36. ચાર વિદ્યાર્થીઓના હિન્દીમાં મેળવેલ ગુણ અને વિજ્ઞાનમાં મેળવેલ ગુણનો ગુણોત્તર કેટલો?

(A) 25 : 33
(B) 57 : 50
(C) 20 : 19
(D) 6 : 5

37. પોલ એ મેળવેલ કુલ ગુણ નીરજે મેળવેલ કુલ ગુણ કરતાં કેટલા વધુ કે ઓછા છે?

(A) 30
(B) 15
(C) 40
(D) 25

38. આદિત્યના અંગ્રેજી, હિન્દી અને વિજ્ઞાનમાં મેળવેલ ગુણની સરેરાશ કેટલી છે?

(A) 65
(B) 70
(C) 80
(D) 72

39. જો દરેક વિષયના મહત્તમ ગુણ 100 હોય તો સેન્ડીને કુલ ગુણના કેટલા ટકા ગુણ મળ્યા હશે?

(A) 60.25%
(B) 63.75%
(C) 66.67%
(D) 69.50%

40. પિતા અને પુત્રની ઉંમરનો ગુણોત્તર 5 : 2 છે. જો તેમની ઉંમરનો ગુણાકાર 1000 હોય તો પિતાની 5 વર્ષ બાદ ઉંમર શું થાય?

(A) 45
(B) 55
(C) 75
(D) 95

41. 1, 2, 27, 4, 125, ____

(A) 6

(B) 5

(C) 20

(D) 32

42. 7 વર્ષ પછી બલદેવની ઉંમર કેટલી હશે?

વિધાન – 1: રામ અને બલદેવની હાલની ઉંમરનો ગુણોત્તર 4 : 3 છે.

વિધાન – 2: રામ, બલદેવ કરતાં 7 વર્ષ મોટો છે.

(A) માત્ર વિધાન – 1 જવાબ આપવા માટે પર્યાપ્ત છે.

(B) માત્ર વિધાન – 2 જવાબ આપવા માટે પર્યાપ્ત છે.

(C) વિધાન – 1 અને વિધાન – 2 બંને એક સાથે મળીને જવાબ આપવા માટે પર્યાપ્ત છે.

(D) વિધાન – 1 અને વિધાન – 2 બંને એક સાથે મળીને પણ જવાબ આપવા માટે પર્યાપ્ત નથી.

43. વિધાનો: કોઈપણ પ્લેન સ્કુટર નથી. અમુક સ્કુટર બતક છે.

તારણ – 1: કોઈપણ બતક પ્લેન નથી.

તારણ – 2: અમુક બતક પ્લેન છે.

(A) માત્ર તારણ – 1 વિધાનોને અનુસરે છે.

(B) માત્ર તારણ – 2 વિધાનોને અનુસરે છે.

(C) તારણ – 1 અને 2 બંને વિધાનોને અનુસરે છે.

(D) તારણ – 1 અને 2 માંથી કોઈપણ તારણ વિધાનોને અનુસરતાં નથી.

44. A અને B ની ઉંમરનો ગુણોત્તર 4 : 7 છે. A એ B કરતાં ઉંમરમાં 30 વર્ષ નાનો છે તો તેમની ઉંમરનો સરવાળો શું થશે?

(A) 110

(B) 100

(C) 70

(D) આપેલ પૈકી એકપણ નહિ

45. વિધાનો: તમામ મોબાઈલ પ્રવાહી છે. તમામ પ્રવાહી ચોપડીઓ છે.

તારણ – 1: તમામ મોબાઈલ એ ચોપડીઓ છે.

તારણ – 2: અમુક ચોપડીઓ એ પ્રવાહી છે.

(A) માત્ર તારણ – 1 વિધાનોને અનુસરે છે.

(B) માત્ર તારણ – 2 વિધાનોને અનુસરે છે.

(C) તારણ – 1 અને 2 બંને વિધાનોને અનુસરે છે.

(D) તારણ – 1 અને 2 માંથી કોઈપણ તારણ વિધાનોને અનુસરતાં નથી.

46. A, B અને C ની હાલની ઉંમરનો સરવાળો 75 વર્ષ છે. 5 વર્ષ પહેલાં તેમની ઉંમરનો ગુણોત્તર 5 : 4 : 3 હોય તો 5 વર્ષ બાદ આ ગુણોત્તર શું હશે?

(A) 6 : 5 : 4
(B) 5 : 3 : 4
(C) 1 : 3 : 4
(D) આપેલ પૈકી એકપણ નહિ

47. ₹1360 નું 5% લેખે 4 વર્ષનું સાદું વ્યાજ શું થાય?

(A) ₹278
(B) ₹282
(C) ₹280
(D) ₹272

48. જો વ્યાજનો દર 4.5% હોય તો ₹450 પર ₹81 સાદું વ્યાજ મેળવતાં કેટલો સમય લાગે?

(A) 4 વર્ષ
(B) 3.5 વર્ષ
(C) 5 વર્ષ
(D) 4.5 વર્ષ

49. ₹5,000 નું 10% લેખે 3 વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ શું થાય?

(A) ₹1655
(B) ₹1755
(C) ₹1855
(D) આપેલ પૈકી એકપણ નહિ

50. 10 વર્ષ પહેલાં પિતાની ઉંમર પુત્ર કરતાં 3 ગણી હતી. 10 વર્ષ બાદ તેમની ઉંમર પુત્ર કરતાં 2 ગણી થશે તો અત્યારે પિતા અને પુત્રના ઉંમરનો ગુણોત્તર શું થશે?

(A) 5 : 2
(B) 7 : 3
(C) 9 : 2
(D) 13 : 4

51. 1,2,3,5,7, ___, 13, 17

(A) 8
(B) 9
(C) 10
(D) 11

52. સુર્યાસ્ત સમયે એક કારચાલક જુએ છે કે સૂર્યના કિરણો તેની જમણી બાજુ પડી રહ્યા છે, તો તે કાર કઈ દિશામાં ચલાવી રહ્યો છે?

(A) ઉત્તર
(B) દક્ષિણ
(C) પૂર્વ
(D) પશ્ચિમ

53. એક વ્યક્તિ દક્ષિણ તરફ 6 કિલોમીટર ચાલે છે. ત્યાંથી ડાબી બાજુ ફરીને 4 કિલોમીટર ચાલે છે ત્યાંથી ફરી ડાબી બાજુ ફરીને 5 કિલોમીટર ચાલે છે તો તેનું નો કઈ દિશામાં છે?

(A) ઉત્તર
(B) દક્ષિણ

(C) પૂર્વ (D) પશ્ચિમ

54. 10 વર્ષ પહેલાં A અને B ની ઉંમરનો ગુણોત્તર 3 : 2 હતો 10 વર્ષ બાદ આ ગુણોત્તર 5 : 4 થાય તો હાલની તેમની ઉંમરનો સરવાળો શું થાય?

(A) 100 વર્ષ (B) 80 વર્ષ

(C) 70 વર્ષ (D) આપેલ પૈકી એકપણ નહિ

પ્રશ્ન નંબર 55 થી 57 માટે આપેલ માહિતીનાં અભ્યાસ કરી જવાબ આપો.

A, B, C, D, E, F અને G એક વર્તુળમાં કેન્દ્ર તરફ મુખ રાખીને બેઠેલ છે. D એ F ની ડાબી બાજુ બીજો નથી. પરંતુ D એ A ની જમણી બાજુ બીજો છે. C એ A ની જમણી બાજુ ત્રીજો છે તથા C એ G ની ડાબે બીજો છે. B એ G નો પાડોશી નથી.

55. C ની જમણી બાજુ કોણ છે?

(A) D (B) G

(C) E (D) B

56. D ની ડાબી બાજુ કોણ છે?

(A) B (B) C

(C) A (D) F

57. D ની સાપેક્ષ E ની સ્થિતિ શું છે?

(A) જમણી બાજુ બીજો (B) ડાબી બાજુ બીજો

(C) જમણી બાજુ આગલો (D) ડાબી બાજુ આગલો

58. ઈશાનીનો પરિચય આપતાં ફાલ્ગુનીએ કહ્યું, “તે મારા પિતાની એકમાત્ર પુત્રીની એકમાત્ર પુત્રી છે”. ફાલ્ગુની ઈશાની સાથે કેવી રીતે સંબંધિત છે?

(A) કાકી (B) પિતરાઈ

(C) માતા (D) ભત્રીજી

59. અત્યારે મન 50 વર્ષનો તથા રોન 60 વર્ષનો છે. કેટલા વર્ષ અગાઉ તેમની ઉંમરનો ગુણોત્તર 4 : 5 હતો?

(A) 10 વર્ષ (B) 8 વર્ષ

(C) 12 વર્ષ (D) 13 વર્ષ

60. A, B નો ભાઈ છે. C, A ની બહેન છે. D, B નો પિતા છે. E, D ની પત્ની છે. તો E એ C ની શું થાય?

(A) દિકરી
(B) માતા
(C) બહેન
(D) આપેલ પૈકી એકપણ નહિ

61. ગોવિંદભાઈને પાંચ પુત્રો છે અને દરેક ભાઈને એક બહેન છે. જો આ બધા સંતાનો માતા-પિતા સાથે રહેતાં હોય તો કુટુંબમાં કુલ કેટલા સભ્યો હશે?

(A) 12
(B) 8
(C) 10
(D) આપેલ પૈકી એકપણ નહિ

62. P નો પતિ B છે. Q એ E નો એકમાત્ર પૌત્ર છે. જે D ની પત્ની છે અને P ની સાસુ છે. B નો D સાથે શો સંબંધ છે?

(A) પિતરાઈ
(B) દીકરો
(C) જમાઈ
(D) ભત્રીજો

63. મારા ફોઈના પિતાના પુત્રનો પુત્ર મારે શું થાય?

(A) ભત્રીજો
(B) ભાણેજ
(C) કાકા
(D) ભાઈ

64. એક સ્ત્રીએ પુરુષને આંગળી ચીંધીને કહ્યું કે તેના ભાઈનો પિતા એ મારા દાદાનો એકમાત્ર પુત્ર છે, તો સ્ત્રીનો પુરુષ સાથે કયો સંબંધ હશે?

(A) પુરુષની દાદી છે.
(B) પુરુષની મા છે.
(C) પુરુષની બહેન છે.
(D) પુરુષની દિકરી છે.

65. CMQR, BONV, AQKZ, ZSHD, ?

(A) ZUDH
(B) YVEI
(C) YUEH
(D) ZVCH


66. 100 ખેલાડીઓની સીધી લાઈનમાં કાર્તિકેય ડાબી બાજુએથી 37માં ક્રમે છે તો જમણી બાજુથી તેનું સ્થાન કેટલામું ગણાય?

(A) 63
(B) 64
(C) 62
(D) આપેલ પૈકી એકપણ નહિ

67. એક પાત્રમાં દૂધ અને પાણી 7 : 5 ના પ્રમાણમાં છે. જો પાત્રમાંથી 9 લિટર મિશ્રણ કાઢી લઈ પાણીથી ભરી ડેટા દૂધ અને પાણીનું પ્રમાણ 7 : 9 થાય છે તો પાત્રમાં શરૂઆતમાં દૂધ કેટલું હશે?

(A) 14 લિટર
(B) 35 લિટર
(C) 28 લિટર
(D) 21 લિટર

68. આપેલ આકૃતિ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો:



(A) સ્ત્રીઓ, માતાઓ અને ડોકટરો
(B) પોલીસ ઓફિસરો, લેખકો અને સ્ત્રીઓ
(C) કુતરાઓ, પ્રાણીઓ અને પાલતું પ્રાણીઓ
(D) આપેલ પૈકી એકપણ નહિ

69. ધારો કે આજે શુક્રવાર છે તો પછીના રવિવાર પછી 23 દિવસે કયો વાર હશે?

(A) ગુરુવાર
(B) મંગળવાર
(C) બુધવાર
(D) શુક્રવાર

70. પાણીમાં જોતા, કાંટાવાળી ઘડિયાળનું પ્રતિબિંબ 08:20 સમય દર્શાવે છે તો ખરેખર સમય શું હશે?

(A) 10:20
(B) 09:10
(C) 09:20
(D) 10:10

71. He usually _______ to work by bus, but today he _______ his car.

(A) goes, drives
(B) go, is driving
(C) goes, is driving
(D) is going, drives

72. Change into Passive Voice:

The police caught the thief.

(A) The thief was caught by the police.
(B) The thief has been caught by the police.
(C) The thief is caught by the police.
(D) The thief had been caught by the police.

73. Change into Indirect Speech:
He said, "When will you finish the work?"

(A) He asked when I will finish the work.

(B) He asked when I would finish the work.

(C) He said when I would finish the work.

(D) He told when I will finish the work.

74. She plays _____ piano very well.

(A) a
(B) an
(C) the
(D) no article

75. There isn't _____ milk left in the fridge.

(A) some
(B) any
(C) few
(D) many

76. He speaks English _____ than his brother.

(A) good
(B) best
(C) better
(D) more better

77. Choose the correct plural form:

(A) Criterion → Criterions
(B) Phenomenon → Phenomenons
(C) Crisis → Crisises
(D) Analysis → Analyses

78. The cat is hiding _____ the table.

(A) under
(B) between
(C) among
(D) below

79. Choose the correct meaning or appropriate use of the given phrasal verb:

Our car <u>broke down</u> on the highway.

(A) stopped working
(B) was destroyed
(C) ran fast
(D) fell down

80. Choose the correct transformation of the given sentence from **assertive to interrogative**: He can solve this problem.

(A) Can't he solve this problem?
(B) Can he solve this problem?
(C) Why can he solve this problem?
(D) Who can solve this problem?

81. A person who loves books —

(A) Bibliophile (B) Philosopher

(C) Biographer (D) Bibliographer

82. Give synonym for the given word: ABANDON

(A) Possess (B) Retain

(C) Desert (D) Keep

83. Give antonym for the given word: SCARCE

(A) Abundant (B) Rare

(C) Inadequate (D) Absent

84. Arrange the jumbled sentence:

interesting / an / book / reading / I / am

(A) I reading an interesting am book (B) Am I reading an book interesting

(C) An interesting I am reading book (D) I am reading an interesting book

85. Choose the most accurate Gujarati translation for the given sentence:

Hard work is the key to success.

(A) સખત મહેનત એ સફળતાનો માર્ગ છે. (B) સફળતા એ સખત મહેનતની ચાવી છે.

(C) સખત મહેનત એ સફળતાની ચાવી છે. (D) સખત મહેનત એ સંતોષની ચાવી છે.

86. નીચે આપેલા રૂઢિપ્રયોગ અને તેના અર્થની સાચી જોડ પસંદ કરો.

(A) અંગૂઠો દેખાડવો = પ્રોત્સાહન આપવું

(B) ઝાડી નાખવી = વરસાદ પડવો

(C) ઘાસ કાપવું = ગપ્પાં મારવા

(D) દાઢીમાં હાથ ઘાલવો = ગરજપૂર્વક મદદ માંગવી

87. રૂઢિપ્રયોગનો અર્થ આપો – વડના વાંદરા ઉતારવા.

(A) ભાન કરાવવું (B) બહુ જ તોફાની હોવું

(C) મુરખના સરદાર હોવું (D) આનાકાની કરવી

88. ઘેટી ચરવા ગઈને અને ઊન મૂકીને આવી. – કહેવતનો અર્થ સ્પષ્ટ કરો.

(A) ઊન ખુબ જ મૂલ્યવાન હોય છે.

(B) ઘેટીને બહાર ચરવા ના મોકલાય.

(C) સામે ચાલીને આવતો ફાયદો જતો કરવો.

(D) થોડો ફાયદો મેળવવા જતાં મોટી હાનિ વેઠવી.

89. ઘી ઢળ્યું તો ખીચડીમાં – કહેવતનો અર્થ સ્પષ્ટ કરો.

(A) પોતાને અથવા પોતાનાંને લાભ થવો
(B) વધારે લાભ થવો
(C) શુકન થવા
(D) ખાવા પીવાનું સુખ હોવું

90. ઉપપદ સમાસ ઓળખાવો.

(A) અશ્રુધારા
(B) ધૂરંધર
(C) અરુણોદય
(D) વિકલ્પ A અને B બંને

91. સમાસ ઓળખાવો – વીણાપાણિ

(A) દ્વિગુ
(B) મધ્યમપદલોપી
(C) બહુવ્રીહિ
(D) કર્મધારય

92. પૃથ્વી છંદનું ઉદાહરણ આપો.

(A) પ્રિયે તુજ લટે ધરું ધવલ સ્વચ્છ આ મોગરો
(B) બેસી ખાટે પિયરઘરમાં જિંદગી જોઈ સારી
(C) પ્રભો અતયોમી જીવન જીવના દિન શરણા
(D) તિમિર ટપકે પર્ણો પર્ણો ભીનું વન આ બધું.

93. નીચે પૈકી કઈ જોડણી ખોટી છે?

(A) નિરીક્ષક
(B) ડીંડલિયુ
(C) ફીચર
(D) નિંદણ

94. સાચી જોડણી વાળો વિકલ્પ પસંદ કરો.

(A) કારીગીરી
(B) કારિગિરી
(C) કારીગિરી
(D) આપેલ પૈકી એકપણ નહિ

95. શબ્દસમૂહ માટે એક શબ્દ: જેમાં બધા પ્રકારનો મેળ હોય

(A) સામંજસ્ય
(B) બહુમેળ
(C) ભરપૂર
(D) સમકરણ

96. 'કૃપણ' શબ્દનો અર્થ આપો.

(A) દાની
(B) ઉદાર
(C) કંજૂસ
(D) ઉડાઉ

97. સાચી સંધિ ઓળખાવો: પર્યટન

(A) પરી + અટન
(B) પરિ + અટન
(C) પરી + યટન
(D) પરિ + યટન

98. નીચે આપેલ શબ્દોમાંથી લેખનશુદ્ધિની દ્રષ્ટિએ શુદ્ધ શબ્દ ઓળખાવો.

(A) નર્ક
(B) મુન્શી
(C) શેતરંજી
(D) આપેલ પૈકી એકપણ નહિ

99. કયા વાક્યને સંયોજક વડે જોડવામાં આવે છે?

(A) ભાવે વાક્ય
(B) સંયુક્ત વાક્ય
(C) કર્મણી વાક્ય
(D) સાદું વાક્ય

100. Choose the most appropriate Gujarati translation for:
"Success has gone to his head."

(A) સફળતાએ તેને નમ્ર બનાવ્યો છે.
(B) સફળતાથી તે ચિંતિત થઈ ગયો છે.
(C) સફળતાએ તેને બેદરકાર બનાવી દીધો છે.
(D) સફળતા તેના માથા પર ચઢી ગઈ છે.